C-776

સાંદિપની શાળા વિકાસ સંકુલ — મહેસાણા
શ્રી એમ.એમ.વી. સાર્વજનિક કન્યા વિદ્યાલય, મહેસાણા

# પ્રથમ પરીક્ષા - 2025

**સમય : 2 કલાક** **ધોરણ 11 : નામાનાં મૂળતત્ત્વો** **કુલ ગુણ : 50**

## વિભાગ – A

❖ **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** [10]

(1) આગ લાગવાથી માલ બળી જાય તો ગુમાવેલ માલને શું કહેવાય ?
(A) ખર્ચ (B) ઊપજ (C) આગથી નુકસાન (D) વેચાણ

(2) ધંધાના આર્થિક વ્યવહારોને કયું લક્ષણ લાગુ પડતું નથી ?
(A) રોકડ વ્યવહાર (B) ઉધાર વ્યવહાર
(C) બાહ્ય વ્યવહાર (D) નાણાં મૂલ્ય સિવાયનો વ્યવહાર

(3) વસ્તુઓ અને સેવાઓ કરના અમલનું વર્ષ ............. છે.
(A) 2016 (B) 2017 (C) 2015 (D) 2014

(4) આમનોંધ એ હિસાબી વ્યવહારનો ........... છે.
(A) મૂળભૂત ચોપડો (B) મુખ્ય ચોપડો (C) આખરી ચોપડો (D) અન્ય ચોપડો

(5) માલની ઉધાર ખરીદી થાય ત્યારે....
(A) મિલકત વધે - દેવું વધે (B) મિલકત ઘટે - દેવું ઘટે
(C) મિલકત વધે - દેવું ઘટે (D) મિલકત ઘટે - દેવું વધે

(6) માલની રોકડ ખરીદીની નોંધ ............. માં થાય છે.
(A) રોકડમેળ (B) ખાસ આમનોંધ (C) ખરીદનોંધ (D) લેણીહૂંડી નોંધ

(7) ક્યા પ્રકારના વટાવની ચોપડે નોંધ કરવામાં આવતી નથી ?
(A) કસર (B) મળેલ વટાવ (C) આપેલ વટાવ (D) વેપારી વટાવ

(8) ખાસ આમનોંધનો નમૂનો કોના જેવો છે ?
(A) આમનોંધ (B) રોકડમેળ (C) કાચા સરવૈયા (D) ખરીદનોંધ

(9) કોને ચોપડાઓનો રાજા ગણવામાં આવે છે ?
(A) આમનોંધના ચોપડાને (B) ખાસ આમનોંધના ચોપડાને
(C) ખાતાવહીના ચોપડાને (D) વ્યવહારોની નોંધના ચોપડાને

(10) ગાણિતિક દૃષ્ટિએ કાચું સરવૈયું સાચું એટલે...
(A) ઉધાર બાજુનો વધુ સરવાળો (B) જમા બાજુનો વધુ સરવાળો
(C) બંને બાજુનો સરખો સરવાળો (D) બંને બાજુનો સરવાળો શૂન્ય

## વિભાગ – B

❖ **નીચેના પ્રશ્નોના ઉત્તરો એક વાક્યમાં આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)** [5]

(11) બિનઆર્થિક વ્યવહાર કોને કહેવાય ?
(12) અન્ય રીતે માલની જાવકનાં ત્રણ ઉદાહરણ આપો.
(13) પેટાનોંધો એટલે શું ?

Master Classes Chirag Prajapati 9824149446

(14) NEFT અને RTGSનું પૂરું નામ જણાવો.

(15) ખાતાવહીનાં કયાં સ્વરૂપો પ્રચલિત છે ?

## વિભાગ – C

❖ **નીચે આપેલ પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ ત્રણ) (દરેક પ્રશ્નનો 3 ગુણ)** [9]

(16) નીચેના વ્યવહારો કયા ખાતે ઉધાર અને કયા ખાતે જમા કરશો તે કારણ સહિત જણાવો.

1. ₹ 30,000 સ્ટેટ બેન્ક ઑફ ઇન્ડિયામાં ભર્યા.
2. ₹ 30,000 પત્ની પાસેથી લોન લીધી.
3. ₹ 20,000ની ખરીદી કરી રકમ ચેકથી ચૂકવી.

(17) નીચે આપેલા મે 2014ના વ્યવહારો શશાંકના ચોપડે આમનોંધમાં નોંધો :

2014 મે,

5 દુકાન ભાડાના ₹ 500 અને ઘરભાડાના ₹ 300 ચૂકવ્યા.

10 કમિશનના ₹ 400 મળ્યા.

12 દલાલીના ₹ 800નો ચેક મળ્યો.

(18) વેચાણનોંધ અને વેચાણ પરત નોંધનો નમૂનો આપો.

(19) નીચેના વ્યવહારોની ખાસ આમનોંધ લખો :

1. રેણુકા પાસેથી મળેલ ₹ 700ની નોંધ ભૂમિકા ખાતે કરેલ છે.
2. ઉપદેશના અગાઉ માંડી વાળેલ ઘાલખાધના ₹ 1,000 પરત મળેલ છે, જે ઉપદેશ ખાતે જમા કરેલ છે.
3. શર્માને ચૂકવેલ ₹ 800 વર્મા ખાતે ઉધાર કરેલ છે.
4. વીમા પ્રીમિયમના ચૂકવેલ ₹ 1,200 ઉપાડ ખાતે ઉધાર કરેલ છે.
5. ધંધામાંથી ₹ 60,000નું જૂનું ફર્નિચર ₹ 5,800માં વેચી દીધું.

## વિભાગ – D

❖ **નીચે આપેલા પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો. (કોઈ પણ બે) (દરેક પ્રશ્નના 4 ગુણ)** [8]

(20) નીચે આપેલા વ્યવહારો પરથી રોનક સ્ટોર્સની ખરીદનોંધ તૈયાર કરો :

2018 નવેમ્બર,

4 ₹ 20,000નો માલ 10% વેપારી વટાવે કિંજલ પાસેથી ખરીદ્યો. બિલ નં. 117

8 ₹ 8,000નો માલ 10% રોકડ વટાવે ઝરા પાસેથી ખરીદ્યો. ભરતિયા નં. 220

15 ₹ 5,000નું ફર્નિચર ક્રિયા ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું.

20 ₹ 12,000નો માલ સુનીલે 10% વેપારી વટાવે આપણને વેચ્યો. ભરતિયા નં. 76.

(21) નીચેના વ્યવહારો પરથી કલ્પેશના ચોપડામાં વેચાણનોંધ તૈયાર કરો :

2018 ઑક્ટોબર,

3 વિનોદને ₹ 10,000નો માલ 10% વેપારી વટાવે અને 5% રોકડ વટાવે વેચ્યો. અડધાં નાણાં ચેકથી મળ્યાં. ભરતિયા નં. 83

7 ₹ 5,000નો માલ વેચ્યો. કેશમેમો. 84

12 બટુકને ₹ 4,000નો માલ 10% રોકડ વટાવે વેચ્યો. ભરતિયા નં. 85

18 ભરતને ₹ 12,000નો માલ 5% વેપારી વટાવે વેચ્યો. મજૂરીના ₹ 300 સહિતનું બિલ નં. 86 મોકલી આપ્યું.

Master Classes Chirag Prajapati 98241 49446

(22) શ્રી કલ્પેશના નીચે આપેલ ખાતાંઓની બાકી પરથી તા. 31-3-19ના રોજનું કાચું સરવૈયું તૈયાર કરો :

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| મૂડી | 40,810 | સામાન્ય અનામત | 1,000 |
| માલસ્ટોક | 4,500 | દેવાદારો | 2,610 |
| ખરીદી | 12,500 | લેણદારો | 1,000 |
| વેચાણ | 17,500 | મકાન | 35,000 |
| માલ પરત ઉધાર | 500 | ઘાલખાધ | 250 |
| માલ પરત જમા | 3,570 | મજૂરી-પગાર | 120 |
| બેન્કસિલક | 1,230 | ચૂકવેલ ભાડું | 100 |
| કરવેરા વીમો | 610 | જાહેરાત ખર્ચ | 320 |

## વિભાગ – E

60810.

❖ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (કોઈ પણ ત્રણ) (દરેક પ્રશ્નના 6 ગુણ)** [18]

(23) નીચેના વ્યવહારો પુષ્કરની આમનોંધમાં લખો :

2014 ફેબ્રુઆરી

1 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી રામ પાસેથી ₹ 20,000ની 12 ટકાની લોન લીધી.

3 લક્ષ્મણને ₹ 5,000 ઉછીના 8% વ્યાજે આપ્યા.

8 ભરતને આપેલી લોનના ₹ 800 અને વ્યાજના ₹ 200 રોકડા મળ્યા.

10 સીતા પાસેથી લીધેલી લોન પૈકી ₹ 5,000 પરત કર્યા તથા ₹ 400 વ્યાજ ચૂકવ્યું.

12 કૌશલને ધીરેલી લોન પર ₹ 200 વ્યાજ મળ્યું.

15 રામ પાસેથી લીધેલી લોન પર એક માસનું વ્યાજ ચૂકવ્યું.

18 લક્ષ્મણની લોન પર વ્યાજના ₹ 75 લેણા થયા.

(24) નીચેના વ્યવહારો પરથી રિદ્ધિનો રોકડ અને બેન્ક ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :

2015 મે,

1 શરૂઆતની રોકડ સિલક ₹ 4,000, શરૂની બેન્ક સિલક ₹ 6,000.

2 મોનિકાને ₹ 5,000નો માલ 10 ટકા વેપારી વટાવે વેચ્યો. મોનિકાએ જરૂરી રકમનો ચેક આપ્યો. જે તરત જ બેન્કમાં ભરી દીધો.

4 ₹ 2,000 પગાર પેટે અને ₹ 100 દલાલી પેટે ચૂકવી આપ્યા.

6 ₹ 3,000 બેન્કમાંથી અંગત ખર્ચ માટે ઉપાડ્યા.

10 ₹ 6,000નો માલ હિરેનને વેચ્યો. હિરેને ₹ 4,000 રોકડા અને બાકીની રકમનો ચેક આપ્યો. જે બેન્કમાં ભરી દીધો.

12 ₹ 5,000નો માલ ખરીદ્યો અને રકમ ચેકથી ચૂકવી આપી.

17 ₹ 2,000 દુકાન ભાડું ચેકથી ચૂકવી આપ્યું.

24 કરિશ્માએ તેના દેવા પેટે ₹ 2,550 રોકડા ચૂકવી આપ્યા.

26 આત્મકલ્યાણીને ₹ 1,200 જૂનો હિસાબ ચૂકતે કરવા રોકડા ચૂકવી આપ્યા.

29 જહાન્વીએ ₹ 3,000નો ચેક આપ્યો જે તરત જ બેન્કમાં ભરી દીધો.

30 ₹1,000 રોકડા બેન્કમાં ભર્યા.

Master Classes Chirag Prajapati 98241 49446

(25) નીચેના વ્યવહારો પરથી નમ્રતાનો ત્રણ ખાનાવાળો રોકડમેળ તૈયાર કરો :

2015 ઑગસ્ટ,

1 શરૂઆતની રોકડ સિલક ₹ 7,000, શરૂની બેન્ક સિલક ₹ 6,000.

3 રોકડ ખરીદી ₹ 6,000, રોકડ વેચાણ ₹ 7,000.

5 ₹ 3,000 બેન્કમાં ભર્યા.

6 ધંધામાં નાણાંની જરૂર હોવાથી પ્રભુ પાસેથી 8 ટકાના વ્યાજના દરે ₹ 5,000ની લોન લીધી.

8 ₹ 3,000નો માલ 10 ટકા રોકડ વટાવે માનસીને વેચ્યો, માનસીએ જરૂરી રકમનો ચેક આપ્યો. જે બેન્કમાં ભર્યો.

10 ₹ 7,000નો માલ દ્વિજ પાસેથી ખરીદ્યો અને 50 ટકા રકમ તુરત જ રોકડેથી ચૂકવી આપી.

12 પગારના ₹ 3,000, મજૂરીના ₹ 500 અને સ્ટેશનરીના ₹ 200 ચેકથી ચૂકવી આપ્યા.

14 કમિશનના ₹ 1,000 અને દલીલના ₹ 500 રોકડા મળ્યા.

16 બેન્કે ₹ 100 સિલક પરના વ્યાજ પેટે નમ્રતાનાં ખાતામાં જમા કર્યા છે.

17 ₹ 2,000 બેન્કમાંથી વીજળી ખર્ચ ચૂકવવા ઉપાડ્યા.

20 ₹ 1,000 વીજળી ખર્ચ પેટે ચૂકવ્યા અને અન્ય ₹ 1,000 અંગત વપરાશ માટે ધંધામાંથી લીધા.

22 પાર્થને ₹ 5,000નો માલ વેચ્યો, તેણે 10 ટકા લેખે રોકડ વટાવ બાદ કરી જરૂરી રકમનો ચેક આપ્યો જે તરત બેન્કમાં ભરી દીધો.

25 પાર્થે આપેલો ચેક નકરાયો.

28 બંસરીને જૂના દેવાં પેટે ₹ 6,050નો ચેક આપ્યો. કુલ દેવું ₹ 6,100નું હતું.

29 ગોપીએ તેના ₹ 2,040ના દેવાં પેટે ₹ 2,000 રોકડા ચૂકવી આપ્યા.

31 ₹ 5,000 હાથ પર રાખીને બાકીની રકમ બેન્કમાં ભરી દીધી.

(26) નીચે આપેલ શ્રી હરનિશના વ્યવહારો પરથી તેની આમનોંધ તૈયાર કરો અને ખાતાવહીમાં જરૂરી ખાતાંઓ બનાવીને ખતવણી કરો :

2015 જુલાઈ

1 ફોરમ પાસેથી ₹ 45,000નો માલ ખરીદ્યો.

3 ધંધામાં ₹ 60,000 વધારાની મૂડી લાવ્યા.

5 અવધને ₹ 5,000 ચૂકવ્યા.

6 ₹ 20,000નો માલ 20% નફો ચઢાવી 10 ટકાના વેપારી વટાવે સનીને વેચ્યો.

8 ₹ 11,000 બેન્કમાં ભર્યા.

9 મારુતિ ફર્નિચર માર્ટમાંથી ₹ 3,200નું ફર્નિચર ખરીદ્યું.

11 ઘરખર્ચ પેટે ધંધામાંથી ₹ 4,500 ચૂકવ્યા.

---

Master Classes Chirag Prajapati 98241 49446